
# દશમી મહાજન સમુદ્ર હોડી સ્પર્ધા





આ સાગરસાહસના પ્રણેતા અને પુરસ્કર્તા પૂ. શ્રી મોટા

હરિ ઓમ આશ્રમ પ્રેરિત અને

રાજ્ય યુવક બોર્ડ આયોજિત

# દસમી મહાજન સમુદ્ર હોડી સ્પર્ધા

દહેજથી ઘોઘા


૨૫ દરિયાઇ માઇલ

૨૪ ફેબ્રુઆરી, ૧૯૮૦

સવારે ૭-૦૦ વાગ્યે

## સ્મરણિકા

યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિ વિભાગ, ગાંધીનગર



મધદરિયે મેદાને પડેલા સ્પર્ધકો

## દરિયાલાલ સાથે દશકાની દોસ્તી

દરિયાની દોસ્તીનું આ દશમું વર્ષ છે. સાગરની સોબત ગમે છે અને એટલે જ દર વર્ષે નિયમિત સાગરનો સંગ કરવા ઉત્સાહ અને ઉલ્લાસપૂર્વક સાગરસાહસના નિમંત્રણ પાઠવવામાં આવે છે, કારણકે સાગરના સાંનિધ્યમાં સાહસનો પાનો ચઢે છે અને શૌર્યનો કેફ અજબ ખુમારી પ્રગટાવે છે.

સાગરકાંઠે મંડાતા આ મરદાનગીના માંડવે ઉમટી પડે છે ગુજરાતની સાગરખેડુ પરંપરામાં ઉછરેલા અને એ યશસ્વી અને વિશિષ્ઠ સાહસપોષક પરંપરાને આગળ ધપાવવા ઉત્સુક યુવાનો. પૂ. મોટાની પ્રેરણાથી રાજ્ય યુવક બોર્ડના ઉપક્રમે ગુજરાતના સાગરકાંઠે નિયમિત યોજાતી રહેતી સમુદ્ર હોડી સ્પર્ધા હવે તો દરિયાકાંઠાનું એક વાર્ષિક પર્વ બની ગયું છે અને કાંઠાળ પ્રદેશનો લોકસમુદાય એક લોકોત્સવ જેવી ઉત્સુકતાથી તેની વાટ જુએ છે અને એટલી જ તન્મયતાથી તેમાં સહભાગી થાય છે.

રાજ્ય યુવક બોર્ડના ઉપક્રમે દરિયાકાંઠે આવા સાહસ ઉત્સવ વર્ષમાં બેવાર ઉજવાય છે. એક છે અખિલ ભારત સમુદ્રતરણ સ્પર્ધા અને બીજી આ સમુદ્ર હોડી સ્પર્ધા. સાગર વિસ્તારના આ બન્ને સાહસપોષક આયોજનોના પુરસ્કર્તા સદ્દગત પૂ. શ્રી મોટા છે એ હકીકત પણ દરિયાલાલ સાથેની દોસ્તીને વિશેષ અર્થગંભીર અને પ્રેરક બનાવે છે. વસ્તુતઃ સમુદ્રપ્રદેશની આ સાહસશૌર્ય પ્રેરક સ્પર્ધા વ્યક્તિત્વ ઘડતર-ની પ્રક્રિયા બની રહે છે. એ નિમિત્તે રાજ્ય યુવક બોર્ડના યુવક વિકાસ કાર્યક્રમોના વ્યાપ તથા વૈવિધ્યનું પણ અહીં સાગરકાંઠે નવું પરિમાણ સિદ્ધ થાય છે.

આમ દરિયાલાલની એક દશકાની દોસ્તી ફળદાયી નીવડી છે અને ગુજરાતના સાહસપ્રેમી યુવાનોએ સાગરસંગને આવકાર્યો છે. સાગર સાથેની આ સોબત ગુજરાતના યુવક લોકમાં ઉત્તરોત્તર સાહસના વિશેષ યશસ્વી પરાક્રમ–વિક્રમ સિદ્ધ કરવાની સ્થાયી અને નિરંતર પ્રેરણા આપતી રહે એવી અભિલાષા સાથે સૌં સાગરસ્પર્ધકોને આવકારતાં આનંદ અનુભવું છું.

**ધ્રુવકુમાર પંડ્યા**
નિયામક

## સાગરખાળો દહેજથી ઓખાની દરિયાઇ સફરે

પ્રાચિન કાળથી દરિયાના સાનિધ્યને લીધે ગુજરાતની પ્રજામાં હિંમત, શૌર્ય, સાહસ, સમર્પણ, આતિથ્ય, ખાન દાની અને ખેલદિલીના ગુણોનો આવિર્ભાવ થતો જોવા મળે છે. પરિણામે આપણે પરદેશ ખેડવાની અને વેપાર કરવાની વૃત્તિ સાહજિક રીતે કેળવી શકયા છીએ અને ઇતિહાસના પાનાઓમાં આપણી સાગર પરંપરા, વહાણવટુ, વેપાર અને સંસ્કૃતિનો ગૌરવસભર ઉલ્લેખ થયેલો જોવા મળે છે. પ્રકૃતિના મહાન તત્ત્વો પછી સાગર હોય કે પર્વત તેમણે આપણી પ્રજાને પડકારી છે અને એ પડકારને આ ઝીંદા-દીલ જવાનોએ ઝીલ્યો છે અને પરિણામે તેઓ ખમીરવંતા બન્યા છે. સાગર અને પર્વતે તેઓને વિકાસના પંથે ગતિશીલ કદમ માંડવા માટે હમેશા પ્રેરણા આપી છે.

ગુજરાતનાં સાગરખાળો પોતાની ભવ્ય સાગર પરંપરાથી પરિચિત થાય અને આધુનિક જગતની સાગર પરંપરાની સિધ્ધિઓને નિહાળે અને જગતની અન્ય સાગરકાંઠાના દેશોની પ્રજાની જેમ સાગરખેડાણ વિશેષ પ્રમાણમાં કરે, પોતાની નૌકાશકિતને અદ્યતન બનાવે અને સાગરના પેટાળમાં પડેલ અખૂટ સંપતિને વિકસાવીને ભૌતિક સમૃધ્ધિ વધારે અને દેશના ગૌરવને જાળવે તે માટે સદગત પૂ. મોટા ઉત્સુક હતા અને તેથી તેઓશ્રીએ ગુજરાતના સાગરકાંઠાના માછી, ખારવા, કોળી ટંડેલો પ્રતિવર્ષે સમુદ્ર હોડી સ્પર્ધામાં ભાગ લે તે માટે રૂા. ૪૦૦૦૦/–ની રકમ રાજ્ય યુવક બોર્ડને દાનપેટે અપેલ છે. આ રકમના વ્યાજમાંથી હોડી સ્પર્ધાના વિજેતાઓને ઇનામો આપવામાં આવે છે. જ્યારે આ સાહસલક્ષી સમુદ્ર હોડી સ્પર્ધાનાં આયોજન અને સંચાલનનો તમામ ખર્ચ રાજય યુવક બોર્ડ દ્વારા કરવામાં આવે છે. ગુજરાતના સમગ્ર સાગર-કિનારાના આપણા નવલોહિયા યુવકોને આ સ્પર્ધાનો લાભ મળે તે માટે રાજયના જુદા જુદા સાગર વિસ્તારમાં આ સ્પર્ધા યોજવાનો અભિગમ અપનાવેલ છે. અત્યાર સુધીમાં નૌકા સ્પર્ધા નીચે દર્શાવેલ સાગર વિસ્તારમાં યોજવામાં આવી હતી.

| | | |
|---|---|---|
| ૧૯૭૦–૭૧ | પ્રથમ | દીવથી જાફરાબાદ |
| ૧૯૭૧–૭૨ | દ્વિતીય | દીવથી જાફરાબાદ |
| ૧૯૭૨–૭૩ | તૃતીય | મહુવાથી જાફરાબાદ |
| ૧૯૭૩–૭૪ | ચતુર્થ | નવાબંદરથી જાફરાબાદ |
| ૧૯૭૪–૭૫ | પાંચમી | નવાબંદરથી જાફરાબાદ |
| ૧૯૭૫–૭૬ | છઠ્ઠી | નવાબંદરથી જાફરાબાદ |
| ૧૯૭૬–૭૭ | સાતમી | ચોરવાડથી વેરાવળ |
| ૧૯૭૭–૭૮ | આઠમી | માંડવીથી ઓખા |
| ૧૯૭૮–૭૯ | નવમી | ઉમરગામથી ઉમરસાડી |

અને હવે દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રના સાગર ખેડુઓ તા. ૨૪–૨–૧૯૮૦ના રોજ મંગળ પ્રભાતે ૬–૦૦ કલાકે ભરૂચ જિલ્લાના દહેજ બંદરથી લુહારા લાઇટ પાસે આવેલા હરિમહારાજના મંદિર પાસેના સાગર કિનારેથી દહેજથી ઘોઘાની આશરે ૨૦ થી ૨૮ નોટીકલ માઇલની દરિયાઈ સફર ખેડશે.

આ સ્પર્ધામાં ભરુચ, ભાડભુત, હાંસોટ, ભાવનગર અને ઘોઘાના માછી તથા ખારવા—કોળી ભાઈઓ ભાગ

લેશે. 'અ' વિભાગની સ્પર્ધામાં ભાગ લેનાર હોડીઓની સંખ્યા ૨૨ની રહેશે અને આ હોડીઓનું વજન ત્રણથી સાત ટન જેટલું હશે અને સ્પર્ધકોની સંખ્યા આશરે હોડી દીઠ ૧૫ ની ગણતા ૩૩૦ની રહેશે. એક ટનથી વધુ પણ ત્રણ ટનથી ઓછા વજનવાળી કુલ ૧૨ હોડીઓ 'બ' વિભાગમાં ભાગ લેશે અને તેના હોડીદીઠ પાંચ સ્પર્ધકો ગણતા કુલ ૫૦ સ્પર્ધકો ભાગ લેશે. આમ કુલ સ્પર્ધકોની સંખ્યા આશરે ૩૦૦ થી ૪૦૦ની વચ્ચે રહેશે.

દહેજથી ઘોઘા વચ્ચે ખંભાતના અખાત તથા પીરમબેટ પાસેથી પસાર થતી વખતે ઝડપી દરિયાઇ પ્રવાહ અને પવનની ઝીંક સ્પર્ધકોએ ઝીલવાની રહેશે. આ વિસ્તારની વિશિષ્ટ દરિયાઇ પરિસ્થિતિને લક્ષમાં લઇને સ્પર્ધકો પવન તથા દરિયાઈ પ્રવાહને અનુલક્ષીને હલેસાં અને સઢનો જરૂર જણાયે ઉપયોગ કરી શકશે. ૨૪/૨/૮૦ ના રોજ મંગળ પ્રભાતે આ હોડી સ્પર્ધાના પ્રારંભ સાથે સ્પર્ધકો ત્વરિત ગતિએ પોતાની હોડીઓ ઘોઘા પહોંચાડવા માટે પોતાના નૌકા સંચાલનના તમામ કળા—કૌશલ્યને ઠાલવશે અને આ વિશિષ્ટ સાગરસાહસમાં મોખરાનું સ્થાન મેળવવા નવા વિક્રમો સર્જવા પોતાની શારીરિક અને માનસિક શકિતઓનો સ્રોત વહાવશે ત્યારે આપણને તેમના કૌવત, પૌરુષ પડકાર ઝીલવાની દ્રઢતાનાં દર્શન થશે.

આ પ્રકારની સાગરલક્ષી સાહસસભર પ્રવૃત્તિઓ દ્વારા પૂ. મોટા આપણી યુવાપેઢીમાં સાહસ, શૌર્ય અને સમર્પણની જયોત પ્રગટાવવાની અભિલાષા રાખતા હતા તેને મૂર્ત સ્વરૂપ આપવા રાજ્ય યુવક બોર્ડ આવી પ્રવૃત્તિઓ દ્વારા યુવાવિકાસના કાર્યક્રમો હાથ ધરે છે. આ પ્રકારના અખિલ ભારતીય સમુદ્ર તરણ સ્પર્ધા હોડી સ્પર્ધા, તેમજ સમુદ્ર પ્રશિક્ષણ શિબિર જેવા કાર્યક્રમો વખતે સંચાલન એ ખૂબજ મહત્ત્વનું પાસું બની રહે છે. જીવસટોસટના આ સાગરલક્ષી સાહસ કાર્યક્રમો નિયત સમયે યોજાશે કે કેમ અને પ્રારંભ પછી પણ સહીસલામત રીતે પૂરા થશે કે કેમ એ સાગરની વિશિષ્ઠ પરિસ્થિતને કારણે હમેશા અનિશ્ચિત હોય છે, આ બાબતે આયોજકો અને સ્પર્ધકો સમાનરીતે કંઈક ચિંતાની લાગણી અનુભવતા હોય છે. સ્પર્ધા પૂર્ણ થાય છે ત્યારે જ રાહતનો દમ ખેંચી શકાય છે. તેમ છતાં સદગત પૂ મોટાની દિવ્ય સાધના તેમજ દિવ્ય આંદોલનોને કારણે તેમજ વિવિધ સરકારી વિભાગો, કચેરીઓ, સામાજિક સંસ્થાઓ અને કૌશલ્યસભર અનેક મહાનુભાવોનાં ઉષ્માસભર સાથ સહકારને કારણે પ્રતિવર્ષ આ સાહસસભર કાર્યક્રમો સફળતાથી યોજાતા રહયા છે એવી અનુભૂતિ સહુ કોઈ ને થઈ છે. આ પ્રકારની સાગરલક્ષી સાહસિક પ્રવૃત્તિઓ આપણા યૌવનધનના શકિતસ્રોતનો રાષ્ટ્રના નવનિર્માણમાં ઉપયોગ કરવાની નવી દિશાઓ પ્રતિ આપણને દોરી જશે એવી અપેક્ષા છે.

**શિ. દે. ગોસ્વામી**
યુથ બોર્ડ અધિકારી

# દશમી મહાજન સમુદ્ર હોડી સ્પર્ધા

## રાજ્ય કક્ષાની વ્યવસ્થાપક સમિતિ

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧. | કલેકટરશ્રી, ભરૂચ, ભાવનગર. | અધ્યક્ષ | ૭. | શ્રી માર્કન્ડ વસાવડા, વડોદરા. | સભ્યશ્રી |
| ૨. | નિયામકશ્રી, યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ. ગાંધીનગર. | ઉપાધ્યક્ષ | ૮. | શ્રી સતુભાઈ મુન્શી, ભરૂચ. | ,, |
| ૩. | કમિશ્નર ઓફ ફિશરીઝ, અમદાવાદ. | સભ્યશ્રી | ૯. | કસ્ટમ ખાતાના પ્રતિનિધિ. | ,, |
| ૪. | ડાયરેકટર ઓફ પોર્ટસ, અમદાવાદ. | ,, | ૧૦. | શ્રી વિરેન્દ્ર નાણાવટી, ગુજરાત રાજ્ય એકવેટિક એસો., અમદાવાદ. | ,, |
| ૫. | ફલેગ ઓફિસર, નેવી, મુંબઈના પ્રતિનિધિ | ,, | ૧૧. | શ્રી પ્રકાશ પટેલ, મોન્ટર્સ, વડોદરા. | ,, |
| ૬. | શ્રી નરભેરામ મિસ્ત્રી, સુરત. | ,, | ૧૨. | યુવક બોર્ડ અધિકારી, ગાંધીનગર. | સભ્ય સચિવ. |

## વિવિધ સમિતિઓ–ભાવનગર જિલ્લો

### સ્વાગત સમિતિ

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧ | કલેકટરશ્રી, ભાવનગર | અધ્યક્ષ | ૫ | પ્રમુખશ્રી, ચેમ્બર ઓફ કોમર્સ, ભાવનગર | સભ્યશ્રી |
| ૨ | પ્રમુખશ્રી, જિલ્લા પંચાયત | ઉપાધ્યક્ષ | ૬ | મેનેજિંગ ડિરેકટર ચોગલે એન્ડ કં. પ્રા લી., ઘોઘા | |
| ૩ | જિલ્લા વિકાસ અધિકારી, ભાવનગર | સભ્યશ્રી | ૭ | ,, ,, સ્ટીલ કાસ્ટ, ભાવનગર | ,, |
| ૪ | પ્રમુખશ્રી, તાલુકા પંચાયત, ઘોઘા | ,, | ૮ | સરપંચશ્રી, ઘોઘા | ,, |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૯ | તાલુકા વિકાસ અધિકારી, ઘોઘા | સભ્યશ્રી | ૧૫ | પ્રમુખશ્રી, જાયન્ટસ ગ્રુપ, ભાવનગર | સભ્યશ્રી |
| ૧૦ | મહાલકારીશ્રી, ઘોઘા | ,, | ૧૬ | જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, ભાવનગર | ,, |
| ૧૧ | શ્રી તાપીદાસ ગાંધી, સભ્ય, રાજ્ય યુવક બોર્ડ. સાવરકુંડલા | ,, | ૧૭ | યુવક બોર્ડ અધિકારીશ્રી, ગાંધીનગર | ,, |
| ૧૨ | પ્રમુખશ્રી, લાયન્સ કલબ, ભાવનગર | ,, | ૧૮ | ખાસ અધિકારીશ્રી, રાજ્ય યુવક બોર્ડ, ગાંધીનગર | ,, |
| ૧૩ | પ્રમુખશ્રી, જેસીસ ,, | ,, | ૧૯ | મદદનીશ યુવક બોર્ડ અધિકારીશ્રી, ગાંધીનગર | ,, |
| ૧૪ | ,, રોટરી કલબ. ,, | ,, | ૨૦ | જિલ્લા રમતગમત અધિકારીશ્રી, ભાવનગર | સંવાહક |

## ૨. ભોજન–નિવાસ સમિતિ

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧ | પ્રાંત અધિકારીશ્રી, ભાવનગર | અધ્યક્ષ | ૮ | કેળવણી નીરિક્ષકશ્રી (પ્રા. શિક્ષણ), ઘોઘા | સભ્યશ્રી |
| ૨ | પ્રમુખશ્રી, તાલુકા પંચાયત, ઘોઘા | ઉપાધ્યક્ષ | ૯ | ચોગલે એન્ડ કં. પ્રા. લી.ના પ્રતિનિધિ | ,, |
| | | | ૧૦ | આચાર્ય, તાલુકા શાળા-ઘોઘા | ,, |
| ૩ | તાલુકા વિકાસ અધિકારીશ્રી, ઘોઘા | સભ્ય | ૧૧ | આચાર્યશ્રી, નિત્યાનંદ પ્રા. શાળા, ઘોઘા બંદર | ,, |
| | મહાલકારીશ્રી, ઘોઘા | ,, | ૧૨ | સંચાલકશ્રી, નિત્યાનંદ આશ્રમ | ,, |
| ૫ | કાર્યપાલક ઇજનેરશ્રી, રસ્તા અને મકાનો, | | ૧૩ | લાઈટ કીપર, લાઈટ હાઉસ, ઘોઘા બંદર | ,, |
| | જિ. પંચાયત, ભાવનગર | ,, | ૧૪ | મદદનીશ યુવક બોર્ડ અધિકારીશ્રી, ગાંધીનગર | ,, |
| ૬ | સરપંચશ્રી, ગ્રામ પંચાયત, ઘોઘા | ,, | ૧૫ | ખાસ અધિકારી, યુવક બોર્ડ, ગાંધીનગર | ,, |
| ૭ | વિસ્તરણ અધિકારીશ્રી (શિક્ષણ) ઘોઘા | ,, | ૧૬ | જિલ્લા રમતગમત અધિકારીશ્રી, ભાવનગર | સંવાહકશ્રી |

## ૩. સાધન સમિતિ

૧. જિલ્લા પોલિસ અધિકારીશ્રી, ભાવનગર અધ્યક્ષશ્રી

૨. પોર્ટ ઓફિસર, ભાવનગર ઉપાધ્યક્ષ

૩. મદદનીશ નિયામક, મત્સ્યોદ્યોગ, રાજકોટ સભ્યશ્રી

૪. ટ્રાફિક ઓફિસરશ્રી, ભાવનગર પોર્ટ „

૫ પાયલોટ ઓફિસરશ્રી, ભાવનગર પોર્ટ „

૬ ડાયરેક્ટર ઓફ લાઈટ હાઉસ એન્ડ લાઈટ „
શીપ્સના પ્રતિનિધિ

૭ સુપ્રિન્ટેન્ડન્ટ ઓફ કસ્ટમ, ભાવનગર „

૮ પોલીસ સબ ઈન્સ્પેક્ટરશ્રી, ઘોઘા સભ્ય

૯ યુવક બોર્ડ અધિકારીશ્રી, ગાંધીનગર „

૧૦ ખાસ અધિકારીશ્રી, યુવક બોર્ડ, ગાંધીનગર „

૧૧ મદદનીશ યુવક બોર્ડ અધિકારીશ્રી, ગાંધીનગર „

૧૨ શ્રી રણછોડભાઈ ભીખાભાઈ, „
પ્રમુખશ્રી, મત્સ્યોદ્યોગ સહકારી મંડળી, ભાવનગર

૧૩ જિલ્લા રમતગમત અધિકારીશ્રી, ભાવનગર સંવાહકશ્રી

## ૪. વાહન વ્યવહાર સમિતિ

૧. જિલ્લા વિકાસ અધિકારીશ્રી, ભાવનગર અધ્યક્ષશ્રી

૨. પ્રાંત અધિકારીશ્રી, ભાવનગર ઉપાધ્યક્ષશ્રી

૩. વિભાગીય નિયામકશ્રી, ગુ. રા. વા. વ. સભ્યશ્રી
કોર્પો. ભાવનગર

૪. આસિ. રીજિયોનલ ટ્રાન્સપોર્ટ ઓફિસર, ભાવનગર „

૫ પોર્ટ ઓફિસરશ્રી, ભાવનગર „

૬. ડેપો. મેનેજરશ્રી, એસ. ટી. ભાવનગર ડેપો સભ્ય

૭. તાલુકા વિકાસ અધિકારીશ્રી, ઘોઘા „

૮. મહાલકારીશ્રી ઘોઘા „

૯. ખાસ અધિકારીશ્રી, યુવક બોર્ડ ગાંધીનગર „

૧૦. મદદનીશ યુવક બોર્ડ અધિકારીશ્રી, ગાંધીનગર „

૧૧. જિલ્લા રમતગમત અધિકારીશ્રી, ભાવનગર સંવાહકશ્રી

## ૫. તબીબી સમિતિ

| | | | |
|---|---|---|---|
| ૧ સીવીલ સર્જનશ્રી, ભાવનગર | અધ્યક્ષશ્રી | ૩ તબીબી અધિકારીશ્રી, ઘોઘા | સભ્યશ્રી |
| ૨ જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી | ઉપાધ્યક્ષશ્રી | ૪ જિલ્લા રમતગમત અધિકારી, ભાવનગર | સંવાહકશ્રી |

## ૬. પ્રચાર-પ્રકાશન સમિતિ

| | | | |
|---|---|---|---|
| ૧. સહાયક માહિતી નિયામકશ્રી | અધ્યક્ષશ્રી | ૩ (ડૉ) મહેશ ચોકસી, પ્રચાર અધિકારી, યુ. સે. અને સાં. પ્ર. | સભ્ય |
| ૨ મેનેજરશ્રી, સરકારી પ્રેસ, ભાવનગર | ઉપાધ્યક્ષશ્રી | ૪ જિલ્લા રમતગમત અધિકારીશ્રી | સંવાહકશ્રી |


નોંધ: અન્ય સ્થાનિક સભ્યોની વરણી સહાયક માહિતી નિયામકશ્રી કરશે.

## ૧. સ્વાગત સમિતિ-ભરુચ જિલ્લો

| | | | |
|---|---|---|---|
| ૧. પ્રમુખશ્રી, જિલ્લા પંચાયત, ભરૂચ | અધ્યક્ષશ્રી | ૫ પ્રોફે. વંદનાબેન દેસાઈ | સભ્ય |
| ૨. જિલ્લા વિકાસ અધિકારી, ભરૂચ | સભ્યશ્રી | ૬. મામલતદારશ્રી, વાગરા | ,, |
| ૩. પ્રા જી. ટી. પટેલ, સભ્ય, યુથ બોર્ડ, જંબુસર | ,, | ૭. પ્રમુખશ્રી, તાલુકા પંચાયત | ,, |
| | | ૮. તાલુકા વિકાસ અધિકારીશ્રી | ,, |
| ૪. શ્રી પુષ્પાબેન યુ. દલાલ, ભરૂચ | ,, | ૯. પોલીસ સબ ઈન્સ્પેકટરશ્રી | ,, |



વિજયયાત્રા તરફ ગતિ કરતી સઢનૌકા



સાગરજળમાં સ્પર્ધા માંડતી નૌકાની વણઝાર

१०. સરપંચશ્રી, લુહારા — સભ્ય
११. સરપંચશ્રી, દહેજ — ,,
१२. પ્રોફે. પુષ્પાબેન દલાલ, ભરૂચ — ,,
१३. ઓફિસર કમાન્ડીંગ હોમગાર્ડ, દહેજ — ,,
१४. જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, ભરૂચ — ,,
१५. જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, પ્રાથમિક, ભરૂચ — ,,
१६. જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, પ્રૌઢ શિક્ષણ, ભરૂચ — ,,
१७. મુખ્ય શિક્ષકશ્રી, પ્રા. શાળા, દહેજ — ,,
१८ પ્રમુખશ્રી, ચેમ્બર ઓફ કોમર્સ, ભરૂચ — સભ્ય
१९. પ્રમુખશ્રી, જે સી ઝ — ,,
२०. પ્રમુખશ્રી, રોટરી કલબ — ,,
२१. પ્રમુખશ્રી, લાયન્સ કલબ — ,,
२२. પ્રમુખશ્રી, લીઓ કલબ — ,,
२३. જિલ્લા રમતગમત અધિકારીશ્રી, ભરૂચ — ,,
२४. સ્પે. ઓફિસર, યુથ બોર્ડ, ગાંધીનગર — સંવાહક

## ૨ ચકાસણી સમિતિ

૧. નિવાસી કલેકટરશ્રી, ભરૂચ — અધ્યક્ષશ્રી
૨. શ્રી ઠાકોરભાઈ મહેતા, સભ્ય, ગુજ. ફીશરીઝ સભ્યશ્રી સલાહકાર બોર્ડ — ,,
૩. સતુભાઈ મુન્શી, ભરૂચ — ,,
૪. શ્રી પ્રકાશભાઈ પટેલ, વડોદરા — ,,
૫. જિલ્લા માનદ અધિકારી, ગ્રામ રક્ષકદળ — ,,
શ્રી સૈયદ હૈદરસાહેબ પીરસાહેબ — ,,
૬. હોમગાર્ડ કમાન્ડન્ટશ્રી વિજયભાઈ ઠાકોર — સભ્ય
૭. આસિ. ડાયરેકટર ઓફ ફીશરીઝ — ,,
૮. પોર્ટ ઓફિસરશ્રી, ભરૂચ — ,,
૯. કસ્ટમ સુપ્રિન્ટેન્ડન્ટશ્રી, ભરૂચ — ,,
૧૦. યુથ બોર્ડ અધિકારીશ્રી, ગાંધીનગર — સંવાહક

## ૩ ભોજન અને નિવાસ સમિતિ

૧ પ્રાંત ઓફિસરશ્રી, ભરૂચ — અધ્યક્ષશ્રી

૨ પ્રમુખશ્રી, જિલ્લા પંચાયત, ભરૂચ — સભ્યશ્રી

૩ હરિ મહારાજ ટ્રસ્ટના ટ્રસ્ટી ,,

૪ આચાર્યશ્રી, દહેજ હાઈસ્કુલ, દહેજ ,,

૫ આચાર્યશ્રી, પ્રાથમિક શાળા, લખીગામ લુહારા ,,

૬ મામલતદારશ્રી, વાગરા ,,

૭ તાલુકા વિકાસ અધિકારીશ્રી, વાગરા ,,

૮ કાર્યપાલક ઇજનેરશ્રી, રસ્તા અને મકાનો, ભરૂચ સભ્ય

૯ જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, પ્રાથમિક, ભરૂચ ,,

૧૦ સરપંચશ્રી, લખીગામ ,,

૧૧ સરપંચશ્રી, લુહારા ,,

૧૨ જિલ્લા રમતગમત અધિકારીશ્રી, ભરૂચ — સંવાહક

૧૩ પોલીસ ઈન્સ્પેકટરશ્રી, વાગરા — સભ્ય

## ૪ સાધન સમિતિ

૧ જિલ્લા પોલીસ અધિકારીશ્રી, ભરૂચ — અધ્યક્ષશ્રી

૨ શ્રીઠાકોરભાઈ મહેતા, સભ્ય, ગુજ. ફીશરીઝસલાહકારબોર્ડ સભ્ય

૩ શ્રી પ્રકાશભાઈ પટેલ, વડોદરા ,,

૪ શ્રી નાખુદા સુલેમાનભાઈ, ભરૂચ ,,

૫ હોમ ઈન્સ્પેકટરશ્રી, ભરૂચ ,,

૬ આસિ. ડાયરેકટર ઓફ ફીશરીઝ, ભરૂચ ,,

૭ પોર્ટ ઓફિસરશ્રી, ભરૂચ ,,

૮ કસ્ટમ સુપ્રિ. ભરૂચ — સભ્ય

૯ જિલ્લા હોમગાર્ડ કમાન્ડરશ્રી, ભરૂચ ,,

૧૦ યુથ બોર્ડ અધિકારીશ્રી, ગાંધીનગર ,,

૧૧ જિલ્લા રમતગમત અધિકારીશ્રી, ભરૂચ ,,

૧૨ ફાયરબ્રીગેડ ઓફિસરશ્રી, નગરપાલિકા, ભરૂચ ,,

૧૩ શ્રી મગનભાઈ એસ. પટેલ
આચાર્યશ્રી, ફીશરીઝ સ્કુલ, ભાડભુત ,,

## ૫. વાહન વ્યવહાર સમિતિ

| | | | |
|---|---|---|---|
| ૧ પ્રમુખશ્રી, જિલ્લા પંચાયત, ભરૂચ | અધ્યક્ષશ્રી | ૬. આસી. ડાયરેક્ટર ઓફ ફીશરીઝ, ભરૂચ | સભ્ય |
| ૨. પ્રાંત ઓફિસરશ્રી, ભરૂચ | સભ્ય | ૭. પોર્ટ ઓફિસરશ્રી ભરૂચ | ,, |
| ૩. મામલતદારશ્રી, વાગરા | ,, | ૮. તાલુકા વિકાસ અધિકારીશ્રી, વાગરા | ,, |
| ૪. વિભાગીય નિયામકશ્રી, ગુ. વા. વ્યા. કોર્પો. | ,, | ૯. જિલ્લા રમતગમત અધિકારીશ્રી, ભરૂચ | સંવાહક |
| ૫. ડેપો મેનેજરશ્રી, ભરૂચ | ,, | | |

## ૬. તબીબી સમિતી

| | | | |
|---|---|---|---|
| ૧. સીવીલ સર્જનશ્રી, ભરૂચ | અધ્યક્ષશ્રી | ૩. રેડક્રોસ સોસાયટી, ભરૂચના પ્રતિનિધિ | સભ્ય |
| ૨. જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી | સભ્યશ્રી | ૪. મેડીકલ ઓફિસરશ્રી, પ્રા. આરોગ્ય કેન્દ્ર, વાગરા | ,, |

## ૭. પ્રચાર સમિતી

| | | | |
|---|---|---|---|
| ૧. જિલ્લા માહિતી અધિકારીશ્રી, ભરૂચ | અધ્યક્ષશ્રી | ૪. શ્રી રમેશભાઈ દેસાઈ | સભ્ય |
| ૨. શ્રી પ્રશાંતભાઈ | સંવાહક | ૫. શ્રી દિલીપભાઈ ઠાકોર | ,, |
| ૩. શ્રી વ્યોમેશભાઈ દેસાઈ | સભ્ય | | |

## અધિકારીઓની યાદી

### લવાદ પંચ

૧ શ્રી ધ્રુવકુમાર પંડ્યા, નિયામકશ્રી, યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ, ગાંધીનગર

૨ લે. કોમોડર શ્રીહિંદપાલ, નેવી, મુંબઈ

૩ શ્રી માર્કંડ વસાવડા, હરિઓમ આશ્રમના પ્રતિનિધિ

૪ શ્રી નરભેરામ મિસ્ત્રી; હરિઓમ આશ્રમના પ્રતિનિધિ

૫ શ્રી વિરેન્દ્ર નાણાવટી, ગુજરાત એકવેટીક એસોસીએશન, અમદાવાદ

૬ શ્રી સતુભાઈ મુન્શી, ભરૂચ

૭ શ્રી એસ. ડી. ગોસ્વામી, યુથ બોર્ડ અધિકારી, ગાંધીનગર

### મુખ્ય વ્યવસ્થાપક

૧ શ્રી ધ્રુવકુમાર પંડ્યા, નિયામકશ્રી, યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ. ગાંધીનગર.

### સહમુખ્ય વ્યવસ્થાપકો

૧ શ્રી એસ. ડી. ગોસ્વામી, યુથ બોર્ડ અધિકારી

૨ શ્રી સતુભાઈ મુન્શી, ભરૂચ

૩ શ્રી વિરેન્દ્ર નાણાવટી, મંત્રીશ્રી, ગુજરાત રાજ્ય એકવેટીક એસોસીએશન, અમદાવાદ

૪ શ્રી કે. એસ. કેવલરામાણી. આસિ. ડાયરેક્ટર ઓફ ફીશરીઝ, ભરૂચ

૫ શ્રી પ્રકાશ પટેલ; મંત્રીશ્રી, મોન્ટર્સ, વડોદરા

૬ શ્રી એમ. એસ. શ્રીમાળી, ખાસ અધિકારી, રાજ્ય યુવક બોર્ડ

## મદદનીશ ટેકનિકલ મેનેજર

૧ શ્રી એચ. આઇ. પઠાણ, સર્વે, આસી. ફીશરીઝ, ભરૂચ

૨ ,, ડી. બી. રાણા, પોર્ટ સુપરવાઈઝર, ભરૂચ

૩ સીનિ. પી. એસ. આઈ. ભરૂચ

૪ કસ્ટમ સુપ્રી., ભરૂચ

## પ્રસ્થાનકાર

૧ પી. એસ. આઈ. ભરૂચ, વાગરા

૨ શ્રી પ્રકાશ પટેલ, મોન્ટર્સ, વડોદરા

## વિજય રેખા પંચ અને સમય પંચ

૧ શ્રી જે. કે. પંડ્યા, સ્વીમિંગ કોચ, એસ. આઈ. એસ. ગાંધીનગર

૨ શ્રી સુરજીતસિંહ ધીલોન, સ્વીમિંગ કોચ, એસ આઈ. એસ. ગાંધીનગર

૩ શ્રી એચ. જી. ભગત, સ્વીમિંગ કોચ, એસ. આઈ. એસ. ગાંધીનગર

૪ શ્રી મહલ ગુરૂદર્શન, સ્વીમિંગ કોચ, એસ. આઈ. એસ. ગાંધીનગર

૫ શ્રી નાગજીભાઈ બારૈયા, નગરપાલિકા સ્નાનાગર, ભાવનગર

૬ શ્રી અનિલભાઈ ડોડીયા. નગરપાલિકા, ભાવનગર

૭ શ્રી દિલીપભાઈ એલ. ત્રિવેદી, નગરપાલિકા, ભાવનગર

૮ શ્રી અરવિંદ રાણપુરા, નગરપાલિકા, ભાવનગર.

## મદદનીશ વ્યવસ્થાપકો

૧ શ્રી ડી. ટી. આચાર્ય, મદદનીશ યુથ બોર્ડ અધિકારી, ગાંધીનગર

૨ શ્રી એસ. બી. પટેલ, જિલ્લા રમતગમત અધિકારી, ભરૂચ

૩ શ્રી જે. બી. ધરાજીયા, જિલ્લા રમતગમત અધિકારી, ભાવનગર

૪ શ્રી એન કે પટેલ ,, ,, ,, વલસાડ

૫ શ્રી એમ. એલ. પટેલ ,, ,, ,, ડાંગ–આહવા

૬ શ્રી અજીતસિંહ ગોહિલ, જિલ્લા રમતગમત અધિ. જામનગર

૭ શ્રી જી. આર. સેઇલર ,, ,, ,, સુરત

૮ શ્રી એન. કે. સોમપુરા ,, ,, ,, સુરેન્દ્રનગર

૯ શ્રી એલ. એ. રાઠોડ ,, ,, ,, અમરેલી

૧૦ શ્રી જી. કે. આચાર્ય, હેડકલાર્ક, યુથબોર્ડ, ગાંધીનગર

## ટેકનિકલ મેનેજર

૧ શ્રી સતુભાઈ મુન્શી, ભરૂચ

૨ ,, કે એસ. કેવલરામાની, આસિ. ડાયરેકટર ઓફ ફીશરીઝ, ભરૂચ

૩ પોર્ટ ઓફિસરશ્રી, ભાવનગર, અને ભરૂચ

૪ શ્રી પ્રકાશ પટેલ, મોન્ટર્સ, વડોદરા

૫ સુપ્રિ. ઓફ કસ્ટમ, ભરૂચ

૬ કલેકટર ઓફ કસ્ટમ, ભાવનગર

## કાર્યાલય અધિકારીઓ-વ્યવસ્થાપકો

૧ શ્રી ડી. ટી. આચાર્ય, મદદનીશ યુથબોર્ડ અધિકારી–ગાંધીનગર

૨ શ્રી જે બી ધરાજીયા, જિલ્લા રમતગમત અધિકારી–ભાવનગર


૩ શ્રી એસ. બી. પટેલ, જિલ્લા રમતગમત અધિકારી–ભરૂચ

૪ શ્રી જી કે. આચાર્ય, હેડ કલાર્ક–યુથબોર્ડ–ગાંધીનગર

૫ શ્રી યુ. જે. ત્રિવેદી, જુનિ. કલાર્ક, જિલ્લા સ્પોર્ટ્સ કાઉન્સીલ, ભાવનગર

૬ શ્રી એ. એ. કારભારી, જુનિ. કલાર્ક, યુથ બોર્ડ, ગાંધીનગર

૭ શ્રી જે. પી. ગજ્જર, જુનિ. કલાર્ક, જિલ્લા સ્પોર્ટ્સ કાઉન્સિલ, ભરૂચ



સ્પર્ધકોને વિદાય—લોકોત્સવનો આનંદ

## નવમી સમુદ્ર મહાજન હોડી સ્પર્ધાનું પરિણામ (ઉમરગામથી ઉમરસાડી) તા. ૨૬-૧૧-૭૮ રવિવાર

| ક્રમાંક | સ્પર્ધામાં હોડીનો ક્રમાંક | હોડીનું નામ | ટનેજ | ગામ | હરીફનું નામ | ઉમરસાડી પહોંચવાનો સમય | સ્પર્ધા માટે લીધેલો સમય | વિજેતા ક્રમ | રીમાર્કસ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ |
| ૧ | ૨૮ | કન્યાકુમારી | | નાની દાંતી | | ૧૧-૨૩ | | પહેલો (૧) | |
| ૨ | ૨૭ | લક્ષ્મીપ્રસાદ | | — | | ૧૧-૫૭ | | બીજો (૨) | |
| ૩ | ૫ | મોતીપ્રસાદ | | ઉમરસાડી | | ૧૨-૦૧ | | ત્રીજો (૩) | |
| ૪ | ૨૬ | નર્મદાપ્રસાદ | | નાની દાંતી | | ૧૨-૦૬ | | ચોથો (૪) | |
| ૫ | ૧૯ | બિંદુસાગર | | કોસંબા પાટી ફળીયા વલસાડ | | ૧૨-૧૦ | | પાંચમો (૫) | |
| ૬ | ૬ | હુરમી | | ઉમરસાડી | | ૧૨-૧૮ | | છઠ્ઠો (૬) | |
| ૭ | ૩ | ધનપ્રસાદ | | ઉમરસાડી | | ૧૨-૩૧ | | સાતમો (૭) | |
| ૮ | ૧૧ | રામપ્રસાદ | | ઉમરગામ | | ૧૨-૩૫ | | આઠમો (૮) | |